## મુસ્લિમ કર્મચારીઓને શુક્રવારની જુમ્મા નમાઝ માટે રજા આપવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ/જી-3/79-80/1619/1679,
સેક્ટર-10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા.16-5-'79

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજ્ય,

જયભારતસહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, તા. 26-3-'79ના રોજ કારોબારીસમિતિએ ઠરાવ નં.13 અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે :

ઠરાવ નં.13 : 'બિનસરકારી માધ્યમિક શાળાના મુસ્લિમ કર્મચારીઓને નમાઝ માટે શુક્રવારે બપોરે 1.00 થી 2.30 સુધી નમાઝના સમય દરમિયાન બપોરના ભોજન અને નમાઝનો વિરામ ભોગવવાની રજા આપવામાં આવી છે. તે મુજબ સમયપત્રકમાં જરૂરી શૈક્ષણિક કાર્યમાં તાસની ગોઠવણી કરી આવા કર્મચારીઓને નમાઝ સમય દરમિયાન શાળા છોડવાની મંજૂરી આપવા આચાર્યશ્રીઓને સૂચના આપવા જણાવવામાં આવે છે. શિક્ષકના કાર્યભારને અસર ન થાય તે રીતે શક્ય હોય તો શાળા આ માટે વ્યવસ્થા કરી આપી શકે.'

આપના જિલ્લાની દરેક માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના વ્યવસ્થાપકમંડળને ઉક્ત સૂચના તાત્કાલિક પાઠવવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી
સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર